150 YEARS OF CELEBRATING THE MAHATMA

# કલેક્ટર અને જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી-પોરબંદર

જિલ્લા સેવા સદન-૧, પ્રથમ માળ, રૂમ નં.૧૧૨, એરપોર્ટ સામે, પોરબંદર.

ફોન નં.૦૨૮૬૨૨૨૦૮૦૦ ફેક્સ નં.૨૨૨૦૮૦૧,

Email:-collectorpbradm1@gmail.com, Web Site:-https://collectorporbandar.gujarat.gov.in

## પ્રેસનોટ ( તારીખ:-૩૦/૦૪/૨૦૨૦, ૧૬-૦૦ કલાક)

➢ જાહેર જગ્યાએ માસ્ક ન પહેરવા બદલ જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, પોરબંદરના હુકમનો ભંગ કરવા સબબ Indian Penal Code ની કલમ ૧૮૮ તળે તથા Epidemic Diseases Act, 1897ને આધિન તા.૨૭થી ૩૦/૦૪/૨૦૨૦ સુધીમાં કુલ-૪૪,૪૫૦/-રૂપિયાનો દંડ વસૂલ કરવામાં આવેલ છે. જેની નગરપાલીકા વાઈઝ નીચે મુજબ છે.

**માસ્ક પહેરવાના નિયમોને ભંગ કરવા બદલ વસૂલ કરેલ દંડની વિગત દર્શાવતુ પત્રક**
**તા:-૩૦/૦૪/૨૦૨૦ અંતિત**

| ક્રમ | જિલ્લો | નગરપાલિકાનું નામ | અત્યાર સુધી વસૂલ કરેલ દંડની રકમ | અત્યાર સુધી દંડ વસૂલ કરેલ વ્યક્તિઓની સંખ્યા | રિમાર્ક્સ |
|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 6 | 7 | 8 |
| 1 | પોરબંદર | પોરબંદર | ૩૯૦૫૦ | ૧૯૪ | કુલ - ૫ વ્યક્તિઓને જાહેરમાં થુકવા બદલ રુ. ૨૫૦ નો દંડ વસુલ કરેલ છે. |
| 2 | | છાંયા | ૧૬૦૦ | ૮ | -- |
| 3 | | રાણાવાવ | ૩૬૦૦. | ૧૮ | |
| 4 | | કુતિયાણા | ૨૦૦ | ૧ | |
| | Total | | ૪૪૪૫૦ | ૨૨૧ | |

➢ કેન્દ્ર સરકારનાં ગૃહ વિભાગ દ્વારા તા.૨૦/૦૪/૨૦૨૦થી ઉદ્યોગો શરુ કરવા અંગે વિસ્તૃત ગાઈડલાઈન જાહેર કરવામાં આવેલ છે. જે ધ્યાને લઈ ગુજરાત રાજ્ય સરકારનાં ઉદ્યોગ અને ખાણ વિભાગ દ્વારા કેન્દ્રીય ગૃહ વિભાગની ગાઈડલાઈનનાં ચુસ્ત પાલન કરવાની સહમતિ મેળવીને ઉદ્યોગગૃહોને ચાલુ કરવાની માટે પોરબંદર જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી દ્વારા જુદી-જુદી કેટેગરીના કુલ-૨૭૦ યુનીટને પરવાનગી આપવામાં આવેલ છે.

- **જે અંગેની યાદી નં.૧, યાદી નં.૨, યાદી નં.૩, યાદી નં.૪, યાદી નં.૫ અને યાદી નં.૬ અત્રેની** વેબસાઈટ https://collector porbandar.gujarat. gov.in પર અપલોડ કરવામાં આવેલ છે. પોરબંદર જીલ્લામાં આવેલ સદરહું એકમોને ચાલુ રાખવા મંજુરી મળવા અંગે મળેલ અરજીઓને નિગાહે લઈ યાદી મુજબ ઔધોગિક એકમોને પરવાનગી આપવામાં આવેલ છે. પોરબંદર જીલ્લામાં આવેલ સદરહું એકમ MHA Order No. 40-3/2020 DM-I (A), તા.15/04/2020ની ગાઈડલાઈન નં.15(1) પ્રમાણે તથા માન. મુખ્યમંત્રીશ્રીનાં અધ્યક્ષ સ્થાને તા. ૧૮/૦૪/૨૦૨૦નાં રોજ મળેલ હાઈપાવર કમિટીમાં લેવાયેલ નિર્ણય મુજબ હાલ નગરપાલિકા વિસ્તાર બહાર આવેલ ઔધ્યોગીક એકમોને તેમનુ એકમ ચાલુ કરવા પરવાનગી આપવાની મંજુરી મળવાપાત્ર છે.



Scanned with CamScanner

- પોરબંદર જિલ્લામાં જુદી-જુદી કુલ-૧૦૪ **એન.જી.ઓ./સ્વૈચ્છિક સંસ્થાઓ** દ્વારા ઘરવિહોણા અને અનાથ જેવા વ્યક્તિઓ માટે આજ દિન સુધી **કુલ-૭,૩૨,૩૭૩ વિવિધ પ્રકારના ફૂડસ પૅકેટની વ્યવસ્થા** કરવામાં આવેલ છે. આ અંગે પોરબંદર જિલ્લામાં ફૂડ્સ પેકેટ્સની મદદ કરવા માંગતી **એન.જી.ઓ./સ્વૈચ્છિક સંસ્થાઓએ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, પોરબંદર શ્રી કે.વી.મિયાણી(મો.નં.-૯૪૨૭૧૪૭૬૭૬)** નો સંપર્ક કરવાનો રહેશે.
- પોરબંદર જિલ્લા ખાતે કુલ-૯(નવ) ક્વોરન્ટાઈન સ્થળ ખાતે ફેસીલીટી નક્કી કરવામાં આવેલ છે.
- હાલમાં **જિલ્લા ક્વૉરેન્ટાઈન** ખાતે કુલ-**૬૬૫ વ્યક્તિ** રાખવામાં આવેલ જે પૈકી **૬૪૭ વ્યક્તિઓને ડિસ્ચાર્જ** કરેલ છે અને હાલ **૧૮ વ્યક્તિઓ ચકાસણી હેઠળ** છે.
- **હોમ ક્વોરન્ટાઈનમાં કુલ-૧૮૦૩ વ્યક્તિઓ** ચકાસણી હેઠળ રાખવામાં આવેલ હતા **જે પૈકી ૧૧૮૬ વ્યક્તિઓનું હોમ ક્વોરન્ટાઈન પૂર્ણ થઈ ગયેલ છે.**
- વ્યક્તિઓની ચકાસણી માટે ડોર ટૂ ડોર સર્વે કરવાનો પ્રથમ રાઉન્ડ તા.૦૬/૦૪/૨૦૨૦ ના રોજ **પુર્ણ થયેલ છે, જેમાં ૧,૩૮,૩૩૨ ઘર (૬,૨૧,૫૫૦ વ્યક્તિઓ)**નો સર્વે કરવામાં આવેલ છે. જ્યારે બીજા રાઉન્ડમાં **૫,૯૧,૨૯૩ વ્યક્તિઓનો** સર્વે કરવામાં આવેલ છે.
- હાલ સુધીમાં શંકાસ્પદ વ્યક્તિઓના લેવામાં આવેલ **કુલ-૭૭૩ સેમ્પલ નેગેટીવ અને ત્રણ(૩) સેમ્પલ પોઝીટીવ આવેલ.** જે ત્રણેય પોઝીટીવ આવેલ વ્યક્તિઓને રીક્વરી આવતાં તેઓને હોસ્પિટલથી વિદાય આપવામાં આવી છે. હાલમાં સીવીલ હોસ્પિટલ, ગ્લોબલ હોસ્પિટલ અને મોરારજી ખેરાજ ઠકરાર ઓર્થોપેડીક હોસ્પીટલ, પોરબંદર ખાતે એમ **કુલ-૩ સ્થળ પર આઈસોલેશન સ્થળ** તરીકે જાહેર કરવામાં આવેલ છે.
- અત્યાર સુધીમાં જિલ્લામાં આવેલ જુદા-જુદા એન્ટ્રી પોઈન્ટ ઉપરથી કુલ **૪૦,૬૨૯ વ્યક્તિઓની સ્ક્રીનીંગ** ચકાસણી કરવામાં આવેલ છે.
- **બોટ** ક્વોરન્ટાઈનમાં કુલ **૧૪૭ વ્યક્તિ** ચકાસણી હેઠળ રાખવામાં આવેલ છે.
- **સેલ્ફ** ક્વોરન્ટાઇનમાં કુલ **૯૭ વ્યક્તિ** ચકાસણી હેઠળ રાખવામાં આવેલ છે.

**(રાજેશ એમ. તન્ના)**
**અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ**
**જિલ્લો પોરબંદર**

**પ્રતિ,**
સહાયક માહિતી નિયામકશ્રી, માહિતી ખાતુ, જિલ્લા સેવા સદન-૨, પોરબંદર.

Scanned with CamScanner